# જેહાદ છે શું ?



મૌલાના
વહીદુદ્દીન ખાન

# THE QURAN

Available in different languages. Easy to understand




Buy Online / Oder Free Quran / Downlod / Be a Quran Distributor
www.goodwordbooks.com / www.j.mp/freequran4all

# "જેહાદ છે શું ?"

લેખક

મૌલાના વહીદુદ્દીન ખાન

અનુવાદક

ડો. અબ્દુલગની મહેસાણીયા

પહેલી આવૃતિ તા. ૧-૭-૨૦૨૧

---

Gujarati Translation of Urdu Booklett
**"Islami Jihad"**

First Publication 1/7/2021
This book is copyright free

# ※ અનુક્રમણિકા ※


| ક્રમ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | ૩ |
| ૨ | જેહાદની પરિભાષા | ૪ |
| ૩ | ''જેહાદ'' શબ્દ કોશમાં | ૫ |
| ૪ | કુરાનમાં જેહાદની ચર્ચા | ૬ |
| ૫ | જેહાદ શું છે ? | ૯ |
| ૬ | ઈસ્લામમાં જેહાદની પરિકલ્પના અને વિચાર | ૧૧ |
| ૭ | વર્તમાન સમયના જેહાદી આંદોલનો | ૨૪ |
| ૮ | જેહાદનો ૩ પ્રકાર છે | ૨૮ |
| ૯ | શાંતિની અગત્યતા | ૨૯ |
| ૧૦ | હિંસાત્મક કામોનું સૌંદર્ય કરણ | ૩૧ |
| ૧૧ | પ્રતિક્રિયાનું ઈસ્લામમાં કોઈ સ્થાન નથી | ૩૩ |
| ૧૨ | નાનો જેહાદ અને મોટો જેહાદ | ૩૫ |
| ૧૩ | સારાંશ | ૩૮ |

# પ્રસ્તાવના

ઈશ્વર પ્રાપ્તિનું સાધન જ જેહાદ છે. તે ન તો યુધ્ધ છે ન તો હિંસા છે. જેહાદ શું છે તે સમજવા માટે પહેલા સમજવું જોઈએ કે અત્યારના સમયમાં મુસ્લિમો જેહાદ ના નામે જે કંઈ કરી રહ્યા છે તે હરગિજ હરગીજ જેહાદ નથી. તે તેમના આવેગો થી પ્રરિત કરેલ લડાઈ છે. જેનું ખોટી રીતે જેહાદ નામ આપવામાં આવ્યું છે. અરબી ભાષામાં જેહાદ શબ્દનું મૂળ ''જુહુદ'' છે તેનો અર્થ થાય છે કે કોઈપણ કાર્ય માટે તનતોડ શાંતિમય મહેનત કરવી. તેનું નામ જ જેહાદ છે. આ શબ્દ પણ કોઈપણ યુદ્ધ કે લડાઈ નો સમાનાર્થી નથી.

જેહાદ એક સતત ચાલતી રહેતી પ્રક્રિયા છે. જે ઈશ્વર ભક્તના જીવનમાં દિવસ રાત ચાલુ જ રહે છે અને ક્યારેય પણ સમાપ્ત થતી જ નથી. નિરંતર જેહાદ એ છે કે મનુષ્ય પોતાના જીવનના દરેક મામલામાં સતત ઈશ્વરની ઈચ્છા પ્રમાણે ચાલતો રહે અને આ જેહાદમાં જે રૂકાવટ બને તેને પોતાના પર હાવી ન થવા દે. દાખલા તરીકે મનની ઈચ્છાઓ, સ્વાર્થ અને સ્વલાભની ઈચ્છા, દુનિયાના રીત રિવાજો અને તેના કારણે આવતા દબાણો પ્રતિષ્ઠા ઓળખાણ પ્રસિદ્ધિ પોતાની મહાનતા અને શ્રેષ્ઠતાની વાતો, ધનદોલતની ઈચ્છા વગેરે. આ બધી ચીજો God oriented life. અને સારા કામોમાં રૂકાવટ પેદા કરેછે. આ બધી અડચણો પર નિયંત્રણ પામીને ઈશ્વરના આદેશનું પાલન કરવું એ જ વાસ્તવિક જેહાદ છે. જેહાદનો આજ મૂળ અર્થ છે.

મૌલાના વહીદુદ્દીન ખાન

# જેહાદની પરિભાષા

જેહાદ એ જિંદગીની સચ્ચાઈ છે જેને રોજબરોજની જીંદગીમાં આપણે પ્રયાસ કે સંઘર્ષ કહીએ છીએ. જેને અરબીમાં જેહાદ કહે છે. તેથી જેહાદ એ નતો રહસ્મય વસ્તુ છે નતો તે હિંસાની સમાનાર્થી છે. ભરપૂર પ્રયાસ કરવો એનું નામ જેહાદ!!!

આપણે કહીએ છીએ કે હું મોટો થયો અને જીવનના સંઘર્ષમાં દાખલ થયો એવું જ અરબીમાં કહેવામાં આવે છે. બજલ જુહુદ એટલે કે પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દેવી જેને અંગ્રેજીમાં કહે છે કે We must struggle against this prejudice.

કોઈ ઉદ્દેશ પ્રાપ્ત કરવા માટે પ્રયાસ કરવો એ માનવીની વિશેષતા છે આ માટે દરેક ભાષામાં એક શબ્દ હોય છે જ. તે જ રીતનો અરબીમાં પણ શબ્દ છે. અને એ જ શબ્દ ''જેહાદ'' છે. પ્રયાસ કરવા માટે અરબી ભાષામાં ''સઅી'' એક સામાન્ય શબ્દ છે. પરંતુ જેહાદ શબ્દમાં અધિકત્તમ અથવા તો ભરપૂર અંશ સામેલ છે. એટલે કે બહુજ વધારે પ્રમાણમાં પ્રયાસ કરવો. પરંતુ અહીં એક અંતર જોવા મળે છે. જેના પર ધ્યાન રાખવું જરૂરી છે.

**જ્યારે જ્યારે આપણે કોશિશ કે પ્રયાસ કરવાનો શબ્દ બોલીએ તો તેમાં પુણ્ય ઈબાદત કે ધાર્મિક કાર્યની ભાવના સામેલ હોતી નથી ત્યારે જેહાદ શબ્દમાં ઈસ્લામી નિર્દેશ**

**પ્રમાણે આ ભાવના પણ સામેલ થઈ જાય છે. આ શબ્દનો અર્થ કેવલ પ્રયાસ હોય તો જેહાદનો અર્થ એક પ્રયાસ પણ છે. જો ઈબાદત હોય તો તેમાં લીન થવા પર પુણ્ય પણ મળે છે જેમ કે કુરાનમાં આવ્યું, ''વ જાહેદુ ફિલ્લાહિ હક જિહાદિહી'' અર્થાત ઈશ્વરના રસ્તામાં પૂરેપૂરો પ્રયાસ કરો જેવોકે પ્રયાસ કરવાનો કરવાનું શોભે છે.**

(કુરાન, સૂરહ અલ-હજ્જ ૨૨/૭૮)

## ''જેહાદ'' શબ્દ કોશમાં

જેહાદનો વાસ્તવિક અર્થ જુહદ છે. જેહાદનો વાસ્તવિક અર્થ છે પ્રયાસ કરવો પરંતુ જેહાદ શબ્દમાં અધિક્તમ અથવા તો ભરપૂર માત્રમાં ભાવના જોવા મળે છે. દાખલા જહદ અલ લબ્ન, જેનો અર્થ છે બધું જ માખણ એટલે કે સાર લઈ લેવો. અને અરબીમાં કહેવામાં આવે છે કે ''બજલ જુહદહુ'' એટલે કે તેણે તેની સંપૂર્ણ તાકાત લગાવી દીધી અને પૂર્ણ સંઘર્ષ કર્યો.

વિશેષરૂપમાં જેહાદ કે મુજાહિદનો અર્થ પણ એજ છે. જેવું કે કુરઆનમાં આવ્યું છે કે ''વ જાહિદુ ફિલ્લાહિ હક જિહાદિહી '' અર્થાત ''અને ઈશ્વરના રસ્તામાં પૂરેપૂરો પ્રયાસ કરો જેવો પ્રયાસ કરવાનો હક્ક છે''

(કુરઆન સૂ. અલ-હજ્જ ૨૨/૭૮)

અરબી ભાષામાં જેહાદ મૂળરૂપથી ભરપૂર પ્રયાસના અર્થમાં જ છે. દુશ્મનની સાથે લડાઈ પણ પ્રયાસનું એક બીજું નામ છે. એટલે શાબ્દિક અર્થમાં નહીં પરંતુ વ્યવાહરિક દ્રષ્ટ્રિએ દુશ્મન સાથે લડાઈને પણ જેહાદ કહેવામાં આવે છે. અગિયારમી સદીમાં ઈમામ અલી રાગિબ અલ ઈસપહાની, જેઓ અરબી ભાષા અને કુરાનની વ્યાખ્યા તેની તફસીર (ટિપ્પણી)ના એક વિદ્વાન થયેલા છે તેમણે જેહાદના ત્રણ પ્રકાર કહ્યા છે...

(૧) કોઈ માણસની બહારના દુશ્મનો સાથે લડાઈ
(૨) ઈન્સાનની શેતાન સાથે લડાઈ
(૩) ઈન્સાનની પોતાના જ મનની ઈચ્છા સાથે લડાઈ

# કુરાનમાં જેહાદની ચર્ચા

કુરાનમાં પણ જિહાદ અને તેના મૂળ ધાતુ થી ઉત્પન શબ્દ તે જ અર્થમાં આવેલ છે. જે અર્થમાં અરબી ડિક્શનરીમાં વપરાય છે. એટલે કે કોઈપણ ઉદ્દેશ માટે ભરપૂર અધિકતમ પ્રયાસ કરવો. જેહાદ શબ્દનો કુરાનમાં ૪ વખત પ્રયોગ થયો છે. દરેક જગ્યાએ આ શબ્દ પ્રયાસ અથવા તો સંઘર્ષના અર્થમાં જ છે. ન કે લડાઈ કે યુદ્ધના અર્થમાં. આ બાબતમાં પહેલી આયતનો અનુવાદ આ પ્રમાણે છે.

‘‘કહો કે અગર તમારા પિતા અને તમારા પુત્ર, તમારા ભાઈ અને તમારી પત્નિઓ, તમારૂં ખાનદાન અને તે માલ જે તમે કમાયેલ છે અને તે ધંધો જેના બંદ થવાથી તમે ડરો છો

અને તે ઘર જેને તમે પસંદ કરો છો. આ બધું તમને ઈશ્વર અને તેના રસુલના રસ્તામાં જેહાદ કરવાથી વધુ પ્રિય છે પ્રતિક્ષા કરો કે ઈશ્વર તેનો આદેશ મોકલી દે અને ઈશ્વર પોતાનો આદેશ ન માનનારને રસ્તો નથી દેખાડતો''. (કુરાન, સૂરહ અત-તૌબા ૯/૧૪)

આ આયતમાં ઈસ્લામના અનુયાયીઓને આદેશ આપવામાં આવ્યો છે કે તેઓ ઈસ્લામની દાવતનું મિશન બલિદાનની હદ, સુધી જઈને પણ સંપૂર્ણ કરે. દાવત એટલે કે ઈશ્વર તરફ આવવાનું આમંત્રણ. અને કહેવામાં આવ્યં છે કે લોકોને ઈશ્વર તરફ બોલાવવામાં પયગંબર સાહેબનો સાથ આપે. પછી ભલેને તેમના કામમાં કે તેમના હિત અને લાભ પણ પ્રભાવિત કેમ ન થાય અને તેમનો વ્યવસાય વેપારનુ નુકસાન હોય કે શારીરિક દુઃખો સહન કરવા પડે દરેક સ્થિતિમાં આ દાવતી મીશનના સભ્ય બન્યા રહે. **આ આયતમાં જેહાદ ફી સબી લિલ્લાહ ઈશ્વરની રાહમાં તમામ પ્રયાસ કરવો વાસ્તવમાં પયગંબરના દાવતી મિશનને સમજાવવા માટે આવેલ છે, નહીં કે યુદ્ધ માટે.**

જેહાદ શબ્દ કુરાનમાં બીજી વખત આ રીતે આવેલો છે ''તમે ઈનકાર કરવા વાળાઓની વાત ન માનો અને તેમની સાથે કુરાનથી જેહાદ કરો'' (કુરાન સૂરહ અલ ફુરકાન ૨૫/૫૨)

**આ આયતમાં સ્પષ્ટ રૂપથી જેહાદનો અર્થ ઈશ્વર તરફ બોલાવવાની વાત જ છે કેમકે કુરાનના માધ્યમથી જેહાદનો**

**કોઈ બીજો અર્થ થઈ જ નથી શક્તો.**

જેહાદ શબ્દ ત્રીજી જગ્યાએ આ રીતે આવ્યો છે ''તમે મારી રાહમાં જેહાદ અને મારી પ્રસન્નતાની શોધમાં નીકળો છો'' (સૂરહ અલ મુમ્તહિના ૬૦/૧)

આ આયત મક્કાના વિજય પહેલા અવરિત થઈ.૬૩૦ ઈસવીસનમાં પયગંબર મુહંમદનો મદીનાથી મક્કાનો સફર યુદ્ધ માટે ન હતો. હકીક્તમાં આ એક શાંતિપૂર્ણ અભિયાન હતું જે ''હુદૈબીયહ શાંતિ સમજૂતી'' ના રૂપમાં શાંતિપૂર્ણ પરિણામો મેળવવા માટે કરવામાં આવ્યું હતું.

ચોથી વખત આ શબ્દ આ રીતે આવ્યો છે.

''ઈશ્વરની રાહમાં જેહાદ કરો, જેવી રીતે જેહાદ કરવાનો હક્ક છે''. (કુરાન, સૂરહ અલ હજ્જ ૨૨/૭૮)

આ આયતમાં જેહાદનો મતલબ આમંત્રણ છે. તે બિલકુલ સ્વયંમ સ્પષ્ટ વાત છે. કુરાનમાં તેનો ઉલ્લેખ આ રીતે આવેલો છે.

જુઓ ''અય ઈમાન વાલાઓ ઝુકો પડો અને સીજદો કરો (પ્રણીપાત કરો) અને પોતાના પાલનહારની બંદગી કરો. અને ભલાઈ કરો જેથી તમને સફળતા પ્રાપ્ત થાય અને ઈશ્વરના માંર્ગમાં પરસ્પર મળીને પ્રયાસ કરો જેવી રીતે પ્રયાસ નો હક છે અને તેણે તમને પસંદ કરી લીધા અને ધર્મના મામલામાં

તમારા પર કોઈ તંગી રાખી નથી કે કઠિનાઈ પણ નથી રાખી. તમારા પિતા ઈબ્રાહિમના આ પંથને તમારા માટે પસંદ કર્યો. પહેલા પણ તમારૂં નામ મુસ્લિમ એટલે કે આજ્ઞાકારી રાખેલ હતું અને એ ધ્યેયથી કે રસૂલ તમારા ઉપર સાક્ષી રહે અને તમે પણ લોકો પર સાક્ષી રહો. નમાજનું આયોજન કરો અને જકાત આપો અને ઈશ્વરને મજબૂતાઈથી પકડી રાખો. તેજ તમારો સંરક્ષક ને કેટલો સુંદર સહાયક છે. (કુરાન, સૂરહ અલ હજ્જ ૨૨/૭૭,૭૮)

# જેહાદ શું છે ?

જેહાદ શું છે, એ સમજવા પહેલા સૌ પ્રથમ એ જાણી લેવું બહુ જરૂરી છે કે અત્યારે મુસ્લિમો જેહાદના નામ પર જે કરી રહ્યા છે તે જેહાદ નથી જ. આ બધી મનની ઈચ્છાઓથી કરાયેલ લડાઈઓ છે. જેને ખોટી રીતે જેહાદનું નામ આપવામાં આવ્યું છે.

ખરી રીતે તો જેહાદ શાંતિપૂર્ણ પ્રયાસનું નામ છે. તે રક્ત પાત (કેતાલ) કે યુદ્ધનો સમાનર્થી શબ્દ નથી. ક્યારેક ક્યારેક વિસ્તૃત અર્થોના પ્રયોગમાં જેહાદને કેતાલ ના અર્થમાં વપરાય છે. પરંતુ શાબ્દીક અર્થની દ્રષ્ટિએ જેહાદ અને (યુધ્ધ) કેતાલ સમાનાર્થી શબ્દ નથી જ. આ સંબંધમાં કુરાન અને પયગંબર સાહેબના કથન થી જેહાદનો અર્થ આ પ્રકારે છે.

૧. કુરઆનમાં છે કે જે લોકોએ અમારા માટે જેહાદ કર્યો તેમને તેમની અમે પોતાની રાહ બતાવીશું (સૂરહ અલ અનકબુત ૨૯/૬૯)

આ આયતમાં સત્યની ખોજને જેહાદ કહેવામાં આવ્યું છે એટલે કે ઈશ્વરની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો, ઈશ્વરની નિકટતા શોધવા માટે પ્રયાસ કરવો. તદ્દન સ્પષ્ટ વાત છે કે આ જેહાદનો યુદ્ધ કે લડાઈ સાથે કોઈ સંબંધ નથી.

૨. આવી રીતે પણ કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે : ''મોમીન તો એ છે જે અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવે, તેમણે પછી શંકા ન કરી અને પોતાના માલ અને પોતાની જાનથી અલ્લાહના રસ્તામાં જેહાદ કર્યો આ લોકો જ સાચા છે.'' (સૂરહ અલ હુજુરાત ૪૯/૧૫)

આ આયત અનુસાર પોતાના માલ-ધન ને ઈશ્વરના રસ્તામાં ખર્ચ કરવું એક જેહાદી અમલ જ છે.

૩. આ રીતે કુરઆનમાં આવ્યું છે કે ઈન્કારીઓ સાથે કુરઆનથી જેહાદ કરો. (સૂરહ અલ-ફુરકાન ૨૫/૫૨)

બીજા શબ્દોમાં કહીયે તો કુરઆનનું શિક્ષણ ફેલાવીને શાંતિપૂર્ણ રીતે અધિકતમ પ્રયત્ન કરો.

૪. આજ રીતે પયગંબરે - ઈસ્લામે બતાવ્યું કે મુજાહિદ એ છે કે જે ઈશ્વરના આજ્ઞાપાલનમાં પોતાના મનથી એટલે કે સ્વયંથી જેહાદ કરે (તિરમિજી, ફજાઈલે જેહાદ)

આથી જાણવા મળ્યું કે મનના બહેકાવામાં ન આવીને, મન સાથે લડીને જ પોતાને સત્યના રસ્તા પર અડગ રાખવું જ જેહાદ છે સ્પષ્ટ છે કે આ લડાઈ અંદર અને પોતાના જ મનમાં હોય છે નહીં કે બહારની દુનિયામાં અથવા તો કોઈ જંગના મેદાનમાં !!!.

૫. એક રિવાયત પ્રમાણે હઝરત મુહંમદ એ ફરમાવ્યું કે હજ્જ જેહાદ છે. (ઈબ્ને માજા કિતાબ અલ મનાસિક)

આથી જાણવા મળ્યું કે હજ્જ અદા કરવું પણ એક જેહાદ નું જ કામ છે. તેને તેના ઉદ્દેશ અને યોગ્ય રીતે કરવા માટે મોટો સંઘર્ષ કરવાનો હોય છે.

# ઈસ્લામમાં જેહાદની પરિકલ્પના અને વિચાર

જેવું કે આગળ કહેવામાં આવ્યું છે જેહાદની મૂળ શબ્દ જુહદ છે. જુહદનો અર્થ છે પ્રયાસ કરવો. આમાં અધિકત્તમ અથવા તો બહુજ આ અર્થ સમાયેલ છે. આ શબ્દો કોઈ કામમાં કે કોઈ ઉદ્દેશ માટે પોતાની ક્ષમતા અનુસાર આખરી હદ સુધી તન તોડ પ્રયાસ કરવો બતાવે છે તેથીજ કુરઆનમાં આવ્યું છે કે ‘‘વ જાહિદુ ફિલ્લાહિ હક જિહાદિહી’’ અર્થાત ‘‘ઈશ્વરની રાહમાં પ્રયત્ન કરો જેટલો પ્રયત્ન કરવાનો હક છે’’ (કુરાન ૨૨/૭૮)

અરબી ભાષામાં જેહાદ મૂળરૂપથી ભરપૂર પ્રયાસ યા તો ફક્ત પ્રયાસના અર્થમાં છે. અલબત્ત દુશ્મન સાથે જંગ પણ પ્રયાસનું જ એક રૂપ છે. તે થી શાબ્દીક અર્થમાં નહી પરંતુ વ્યવાહરિક દ્રષ્ટિએ શત્રુ સાથે જંગને પણ જેહાદ કહેવામાં આવે છે. **ખરેખર તો યુદ્ધ માટે અરબીમાં શબ્દ કિતાલ છે, નહીં કે જેહાદ. !!**

દુશ્મન સાથે લડાઈ એ ક્યારેક ક્યારેક થનાર ઘટના છે. ક્યારેક થાય છે અને ક્યારેક નથી થતી. **પરંતુ જેહાદ સતત ચાલતી પ્રક્રિયા છે જે મોમીનના જીવનમાં હરેક ક્ષણે ચાલતી સતત પ્રક્રિયા છે. તે ક્યારેય પણ સમાપ્ત થતી જ નથી. નિરંતર જેહાદ એ છે કે મનુષ્ય પોતાના જીવનના હરેક મામલામાં ઈશ્વરની મરજી પ્રમાણે કાયમ રહે અને મનની આ જેહાદમાં જે પણ ચીજ રૂકાવટ હોય તેને પોતાના જીવનમાં પ્રભાવી ન થવાદે.** ઉદાહરણતયા ઈચ્છાઓ મનની. સ્વાર્થ પોતાના લાભની ઈચ્છા, ખોટા રીત રિવાજ નું જોર, તેનો દબાવ, પ્રતિષ્ઠા અને પોતાની પ્રસિદ્ધની ઈચ્છા, પોતાની શ્રેષ્ઠતાની વાત, ધનદોલતની ઈચ્છા વગેરે. આ બધી (God-oriensted life) અને નેક કામોમાં વિઘ્નરૂપ હોય છે. આ પ્રકારની દરેક વિઘ્નો પર નિયંત્રણ મેળવતા ઈશ્વરના આદેશો પર અડગ રહેવું જ વાસ્તવિક જેહાદ છે. અને આજ જેહાદનો મૂળ અર્થ છે.

જેહાદ વિશે હદીસની કિતાબોમાં અનેક વિધ રિવાયતો આવે છે. ઉદાહરણ તયા હદીસની કિતાબ મુસનદ અહમદમાં આવેલું છે કે :

૧. અલ મુજાહિદ મન જાહદા નફસસુહુ લિલ્લાહ (૬/૨૦), મુજાહિદ તે છે જે પોતાના મનની ઈચ્છા વિરૂદ્ધ સંઘર્ષ કરે.

૨. અલ મુજાહિદ મન જાહદા નફસુહુ. ફિસબીલિલ્લાહ (૬/૨૨) મુજાહિદ તે છે જે અલ્લાહની રાહમાં ભરપૂર પ્રયત્ન કરે છે.

(૩) અલમુજાહિદ મન જાહદાનફ્ફસુહુ ફી તાઅતિલ્લાહ (૬/૨૬) મુજાહિદ તે છે જે અલ્લાહની મરજી પ્રમાણે ચાલવા માટે મન સાથે સંઘર્ષ કરે.

**વર્તમાન દુનિયાને આપણી પરીક્ષા માટે બનાવવામાં આવેલ છે. અહીનું વાતાવરણ જ એવું બનાવવામાં આવ્યું છે કે માણસ સતત પરીક્ષણથી કસોટીથી ગુજરતો રહે. અને આ પરીક્ષામાં અનેક જાતના અવરોધોનો સામનો કરવો પડે છે. દાખલા તરીકે (૧) કોઈ સચ્ચાઈ સામે આવે પરંતુ પોતાનો દરજ્જો નીચો થતો દેખાય (૨) કોઈનો માલ માણસના કબજામાં હોય અને તેનો હકદાર આવે તો તેને માલ પાછો આપવામાં પોતાનું નુકસાન દેખાતું હોય (૩) સામાન્ય જીવન જીવવામાં પોતાનો અહમ અને પોતાની ઈચ્છાઓને દબાવવી**

**પડે. (૪) ક્યારેક ક્યારેક એવું લાગે છે કે પોતાનો ક્રોધ અને પોતાની વેરવૃત્તિની ભાવનાઓને સહન કરવું એ પોતાને જ ઓછા દરજ્જાનું કરવું છે. (૫) ન્યાયની વાત બોલતા ડર લાગે અને મનમાં શંકા થાય કે આનાથી મારી લોકપ્રિયતા ખલાસ થઈ જશે. (૬) સ્વાર્થી ચરિત્રના બદલે સદાચાર અને સિદ્ધાંતિક જીવન અપનાવવામાં સુખ-સગવડો ચાલી જવાનો ખતરો દેખાય વગેરે વગેરે.**

**આ રીતે વિવિધ અવસરો ઉપર પોતાની ઈચ્છાઓને દબાવવી પડે છે અને પોતાના નફસ અને અહમનું બલિદાન આપવું પડે છે. અહી સુધી કે ક્યારેક એવું લાગવા મંડે છે કે હવે તો પોતાની મોટાઈ અને અહંકારનું જ બલિદાન આપવું પડશે. આ રીતે આવા જ પ્રસંગો ઉપર બધાજ વિઘ્નો પાર કરતા અને દરેક નુકશાન ઉઠાવતા સત્ય ઉપર અડગ રહેવું જ અસલી જેહાદ છે. અને જેહાદનો આ જ સાચો અર્થ છે. જે લોકો આવી જેહાદ કરશે તે પરલોકનું મૃત્યુ પછીનું શાશ્વત જન્નતના પાત્ર બનશે.**

જેહાદ વાસ્તવમાં શાંતિપૂર્ણ સંઘર્ષનું જ એક રૂપ છે. આ જ શાંતિપૂર્ણ સંઘર્ષને દાવત અને તબલીગ કહેવામાં આવે છે. એટલે કે લોકોને ઈશ્વરના રસ્તે બોલાવવું. કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે ઈન્કારીઓની વાત ન માનજો અને આ કુરઆનથી તેમના સાથે જેહાદ કરો. મોટો જેહાદ !! (સૂરહ અલ-ફુરકાન ૨૫/૫૨)

આનો અર્થ છે કે સત્ય ઈન્કારીઓ જે વાત તમને મનાવવા માંગે છે તે હરગીઝ કબુલ ન કરો. પરંતુ કુરઆનનું શિક્ષણનું પ્રચાર પ્રસાર કરો. અને આ કામમાં અદમ્ય જોશ અને ઉત્સાહથી પૂર્ણ મહત્તમ પ્રયાસ કરો. આ આયતમાં જેહાદનો અર્થ લશ્કરી કાર્યવાહી નથી. પરંતુ તેનો મતલબ સંપૂર્ણ રીતે બૌધ્ધિક અને વિચારીક પ્રક્રિયા છે. આ કાર્ય અને અન્ય રીતે અસત્યનું ખંડન, સચ્ચાઈની ઓળખાણ અને તેનું (સચ્ચાઈનું) સમર્થન જ કહી શકાય.

જેહાદનો અર્થ કેતાલના અર્થમાં મૂળભૂત ભાવાર્થની દ્રષ્ટિથી શાંતિપૂર્ણ સંઘર્ષનું જ બીજુનામ છે. દુશ્મન તરફથી લશ્કરી ચેલેન્જ આપવામાં આવે તો પણ **સૌપ્રથમ એજ પ્રયાસ કરવામાં આવે કે તેનો ઉત્તર શાંતિપૂર્ણ રીતે આપવામાં આવે. શાંતિપૂર્ણ ઉપાયોનો ત્યાગ ત્યારે જ કરવામાં આવે જ્યારે તેનો ઉપયોગ કરવો બિલકુલ સંભવ જ ન રહે અને બીજા દ્વારાશરૂ કરવામાં આવી લડાઈનો જવાબ યુદ્ધ એજ માત્ર વિકલ્પ રહી ગયો હોય. આ યુદ્ધનો વિકલ્પ ફક્ત ફક્ત એક સ્થાપિત સરકાર જ કરી શકે છે. સામાન્ય જનતા માટે યુદ્ધ કરવું ઉચિત જ નથી અને ઈસ્લામમાં તેને યોગ્ય જ નથી કહ્યું.**

આ મામલામાં પયગંબરે ઈસ્લામ હઝરત મુહમ્મદની પુનિત પત્ની હઝરત આયશાનું એક લેક્ચર આપણા માટે માર્ગદર્શનનું ઉદાહરણ રૂપ જોવા મળે છે. તેમણે કહ્યું છે કે ''આપ હુઝુરને જ્યારે બેથી ચીજો માંથી એકની પસંદગી

કરવાની આવતી આપ હંમેશા આસાન વસ્તુની પસંદગી કરતા. (સહીહ બુખારી કિતાબુલ અદબ)

હઝરત મુહમ્મદની આ પ્રણાલી (સુન્નત) રીત તેમની જિંદગીમાં એક તદ્દન સ્વાભાવિક અમલ હતો પરંતુ યુદ્ધના મામલામાં પણ આ જ રીત હતી. આ પ્રકારનો નિર્ણય લેવો એ અઘરી વાત છે. આપના જીવન ચરિત્રનું અધ્યયન કરવાથી જાણવા મળે છે કે આપે પોતાના તરફથી ક્યારેય પણ યુદ્ધની શરૂઆત કરી નથી. આપના વિરોધીઓએ પણ જ્યારે યુદ્ધની આગ સળગાવવા માટે પ્રયત્ન કર્યો ત્યારે પણ આપે કોઈપણ રીતે કોશિશ કરી છે કે આ યુદ્ધની આગ ભડકે નહીં, **કે આપ યુદ્ધમાં ત્યારે જ સામેલ થયા છે જ્યારે કે કોઈ જ ઉપાય બાકી ન રહ્યો હોય.**

પયગંબર સાહેબની સુન્નત એટલે કે તેમની રીત પ્રમાણે ઈસ્લામમાં આક્રમણ જંગ છે જ નહીં, પરંતુ પ્રતિરક્ષા એટલે કે બચાવમાં જંગ છે અને તે પણ ત્યારે જ કે જ્યારે કોઈ જ ઉપાય બાકી ન હોય. વાસ્તવિક્તા એ છે કે જીવનમાં હંમેશા બે જ વિકલ્પો માંથી  એક વિકલ્પ પસંદ કરવાનો રહે છે એક તો શાંતિપૂર્ણ સંઘર્ષ અને બીજો હિંસા પૂર્ણ સંઘર્ષ.

પયંગબર સાહેબનું જીવન ચરિત્રનું અધ્યયનથી જાણવા મળે છે કે આપે હંમેશા, દરેક જગ્યાએ, યુદ્ધની જગ્યાએ શાંતિપૂર્ણ રીતે કામ કરવાની રીત અપનાવી. આપનું પુરૂ જીવન આનુંજ સફળ વ્યવહારિક ઉદાહરણ છે. અહીં આ જાતના થોડા ઉદાહરણો આપવામાં આવે છે.

(૧) પયગંબરી મળ્યા પછી આપની સામે એ સવાલ હતો કે ઉપર બતાવેલ બે રીતોમાંથી કઈ રીત અપનાવવી. શાંતિપૂર્ણ કે હિંસાપૂર્ણ રીત? જેવી રીતે આપણે જાણીએ છીએ એ કે આપનું મિશન એ હતું કે શિર્ક ખતમ થાય અને તૌહીદ એટલે કે એ એકેશ્વર વાદ સ્થાપિત થાય. મક્કામાં કાબાને આજ તૌહીદના કેન્દ્ર રૂપે બનાવવામાં આવ્યો હતો. પરંતુ આપના પયગંબરી સમય દરમ્યાન આપનું મિશન હતું કે શિર્કને ખતમ કરે અને તૌહિદ કે એટલે કે એકેશ્વરવાદ પ્રત્યે લોકોની આસ્થાને જાગૃત કરે. મક્કામાં કાબાને આજ તૌહીદના કેન્દ્ર માટે બનાવવામાં આવ્યો હતો. પરંતુ આપની પયગંબરીના સમયમાં કાબામાં ૩૬૦ દેવ પ્રતિમાઓ રાખવામાં આવી હતી. આ સ્થિતિમાં ખરેખર તો કુરઆનમાં એવી આયત પ્રથમ ઉતરતી કે કાબાને પ્રતિમાઓથી પવિત્ર કરો અને ફરીથી એકેશ્વરવાદના કેન્દ્ર તરીકે પોતાનું મિશન આગળ વધારો પરંતુ તે સમયે આ કામની શરૂઆત કરવી તે જાણે કે ત્યાંના સ્થાનિક લોકો સાથે જંગ કરવા સમાન હતી જેનું નેતૃત્વ અરબસ્તાનમાં એટલા માટે કાયમ હતું કે તેઓ કાબાના રખવાલા બનીને બેઠા હતા. ઈતિહાસની ઘટનાઓ આપણને બતાવે છે કે આ હદે પયગંબર સાહેબે કાબાના વ્યવહારિક શુદ્ધિકરણ આ મામલે સંપૂર્ણ રીતે દુરી રાખી હતી **પોતાની જાતને ફક્ત અને ફક્ત એકેશ્વરવાદના વૈચારિક આહવાન સુધી જ સીમિત રાખ્યા. આ રીતે હિંસાત્મક રીતના મુકાબલામાં શાંતિપૂર્ણ ઢંગથી કામ કરવું એ પયગંબર સાહેબનું ઉત્તમ ઉદાહરણ હતું.**

(૨) પયગંબર સાહેબે આ શાંતિના નિયમ પર અડગ રહેતા મક્કામાં ૧૩ વર્ષ વ્યતીત કર્યા છતાં પણ કુરેશ આપના દુશ્મન બની ગયા. એટલી હદ સુધી તેમના સરદારોએ ભેગા મળીને એ નક્કી કર્યું કે બધા મળીને તેઓ પયગંબર સાહેબની હત્યા કરી દે. તે માટે તેઓ તલવારો લઈને આપના ઘરને ઘેરી લીધું. એવું લાગતું હતું કે હવે તો પયગંબર અને તેમના સાથીઓ માટે યુદ્ધ એજ સ્પષ્ટ ચેલેન્જ પડકાર હતો. ચુનોતી, પડકાર હતો પરંતુ આપે ઈશ્વરના માર્ગદર્શન હેઠળ આ ફેસલો કર્યો કે જંગના મુકાબલામાં સંયમથી કામ લે. તે માટે આપે રાતના શાંત વાતાવરણમાં મક્કાથી ખામોશી સાથે હિજરત કરી અને મદીના પહોંચી ગયા. આ ઘટનાને ઈસ્લામમાં હિજરત કહેવામાં આવે છે. આ સ્પષ્ટ રીતે હિંસા પૂર્ણ કાર્ય શૈલીના મુકાબલામાં શાંતિપૂર્ણ રીત અપાવવાનું મહત્વપૂર્ણ ઉદાહરણ છે.

(૩) ગઝવા એ હિજાબ એટલે કે ગઝવા એ ખંદક (ખંદક ની લડાઈ) પણ આજ રીતનું એક ઉદાહરણ છે. એ સમયે બહુ બધા કબીલાઓના લોકો ભેગા થઈને બહુ મોટી સંખ્યામાં મદીના તરફ રવાના થયા તેઓ મદીના પર હુમલો કરવા માંગતા હતા. આ સ્પષ્ટ રીતે આપના વિરોધીઓની ખુલ્લી ચેલેન્જ હતી. પયગંબર સાહેબએ યુદ્ધથી બચવા માટે અનોખી રીત અપનાવી. આપે રાતદિવસ મહેનત કરીને શહેરની આજુબાજુ લાંબી ખાઈ એટલે કે ખંદક ખોદી. સમજો કે તે સમયે આ ખાઈએ buffer એટલે કે બાધકના રૂપમાં

આક્રમતાની સામે યુદ્ધને ટાળવાનો ઉપાય હતો. પરિણામ તયા એ થયું કે વિરોધીઓની ફોજ થોડીક ટાઈમ રહીને પાછી ચાલી ગઈ. યુદ્ધ થયું જ નહીં. યુદ્ધનો સમય ટાળવામાટે શાંતિ શોધવા માટેનું આ એક ઉત્તમ ઉદાહરણ છે.

(૪) આજ રીતે હુદૈબિયહ Peace Treaty પણ પયગંબર સાહેબના જીવનનું ઉત્તમ ઉદાહરણ છે. હુદૈબિયહમાં સ્થિતિ એ હતી કે પયગંબર સાહેબ અને તેમના સાથીઓ મક્કામાં દાખલ થઈને ઉમરાહ કરવા માગતા હતા. પરંતુ મક્કાના સરદારોએ તેમને હુદૈબિયહમાં જ રોકી દીધા અને કહ્યું કે આપ સૌ મદીના ચાલ્યા જાવ અમે તમને કોઈ કિંમતે પણ મક્કામાં દાખલ નહી થવા દઈએ. બીજા શબ્દોમાં કહીએ તો આ તે વિરોધીઓ તરફથી ખુલ્લી યુદ્ધની ચેલેન્જ હતી. આપ જો ઉમરા કરવા માટે મક્કા તરફ આગળ વધતાં તો નિશ્ચિત ટકરાવ થતો. પરંતુ **આપે તો પોતાની યાત્રા ત્યાં જ સમાપ્ત કરી દીધી અને વિરોધીઓની એક તરફી શરતો સ્વીકારી લીધી.** આપ મદીના પાછા ચાલ્યા આવ્યા. આ ઉદાહરણ પણ યુદ્ધના મુકાબલામાં શાંતિપૂર્ણ કાર્યવાહી અપનાવવાનું નેત્રદીપક પયગંબરી ઉદાહરણ છે.

(૫) મક્કાના વિજયની ઘટનામાં પણ આપની આજ પ્રણાલી રહી છે એટલે કે આજ આપની સુન્નત રહી છે. **તે સમયે તો આપની પાસે સમર્પિત સાથીઓનું દસ હજારની સંખ્યામાં લશ્કર હતું અને તે લોકો નિશ્ચિત પણે વિજયી લડાઈ**

**લડી શક્તા હતા. પરંતુ પયગંબર સાહેબે તાકાતનો ઉપયોગ કરવાના બદલે ફક્ત તાકત બતાવવાની રીત અપનાવી.** એવું ન કર્યું કે ૧૦,૦૦૦ ની શક્તિશાળી સેના હોવા છતાં પણ એલાન ન કર્યું કે આવી જાવો અમારીસામે! પરંતુ આપે અત્યંત ગુપ્ત રીતે યાત્રાની શરૂઆત કરી અને પોતાના સાથીઓની સાથે ખામોશીથી મક્કામાં પ્રવેશ કરી ગયા. આપનો આ મક્કાનો પ્રવેશ એટલો અચાનક હતો કે વિરોધીઓ આપને વિરૂદ્ધ કોઈ તૈયારી ન કરી શક્યા અને મક્કામાં કોઈ જાતના સંઘર્ષ કે ટકરાવ વિના આપ ઓટોમેટીક વિજયી થઈ ગયા. આ હિંસા પૂર્ણ કાર્યવાહીના બદલે શાંતિપૂર્ણ કાર્યવાહી ઉચ્ચતમ ઉદાહરણ છે.

આ બધા ઉદાહરણોથી સાબિત થાય છે કે સામાન્ય હાલતમાં કે પછી કટોકટીના કાર્યકાળમાં અને બેહદ ગંભીર હાલતમાં પણ પયગંબર સાહેબ જંગના મુકાબલામાં શાંતિનો સિદ્ધાંત અપનાવતા હતા. આપની બધીજ સફળતાઓ આપના શાંતિ અભિયાનનું વ્યવ્હારીક ઉદાહરણ છે.

જેવું કે ઉપર બતાવવામાં આવ્યું છે કે ઈસ્લામમાં શાંતિ નિરંતર રૂપમાં પાલન કરવામાં આવતા આદેશ જેવી છે. અને યુદ્ધ તો ફક્ત મજબુરીનો આદેશ છે. સચ્ચાઈને સામે રાખીને પછી જુઓ કે વર્તમાન સમયમાં આપણી સ્થિતિઓને સરખામણી કરીએ તો આધુનિક સમયની સ્થિતિ પ્રાચીન સમયની સ્થિતિ કરતા બિલકુલ અલગ છે. **પ્રાચીન સમયમાં**

**હિંસક લડાઈઓ લડવી તે સામાન્ય વાત હતી જ્યારે તે સમયે શાંતિપૂર્ણ કાર્યશેલિ અપનાવી તે બેહદ મુશ્કેલ કામ હતું પરંતુ આજે સ્થિતિ તદ્દન બદલાઈ ગયેલ છે.**

વર્તમાન સમયમાં હિંસા પૂર્ણ રીતનો ઉપયોગ અંતિમ હદ સુધી અમાન્ય અસ્વીકાર્ય અને અસહનીય બની ચૂક્યો છે. આના મુકાબલામાં પૂર્ણ શાંતિપૂર્ણ કાર્યવાહી એકમાત્ર સ્વીકાર્ય અને પસંદીદા કાર્યવાહીની હેસિયત થઈ ગઈ છે. આ સિવાય પણ વર્તમાન સમયમાં શાંતિપૂર્ણ રીતના ઉપયોગને અને બૌદ્ધિક અને વ્યવહારિક સમર્થન પ્રાપ્ત થઈ જ ગયું છે. તેણે પોતાની જાતે જ બેહદ તાકતવાન અને અસર કારક કાર્યશૈલીનું નિર્માણ કર્યું છે.

આ શાતિપૂર્ણ રીતોના ઉપયોગના સમર્થનમાં ઘણી બધી ચીજો સામેલ છે. **ઉદાહરણ તરીકે પોતાનો અભિપ્રાય અને વિચાર વ્યક્ત કરવાની આઝાદીનો હક, સંચારના આધુનિક સાધનોનો ઉપયોગ કરીને પોતાની વાત વધારેમાં વધારે લોકો સુધી પહોંચાડવાની સંભાવનાઓ, મિડિયાની તાકત લગાવી પોતાની વાત લોકો સુધી પહોચાવી. આ આધુનિક પરિવર્તનોએ શાંતિપૂર્ણ કાર્યશૈલિને એક સાથે અને એક જ સમયમાં અતિ લોક પ્રિય બનાવી દીધી છે અને સાથે સાથે તે વધારે પ્રભાવી પણ છે જ.**

જેવી રીતે કે ઉપર બતાવવામાં આવ્યું છે તેમ પયગંબર સાહેબની પ્રણાલી એટલે કે રીત એ રહી છે કે જ્યારે શાંતિનો

વિકલ્પ વ્યવહારિક રૂપે હોય તો ઈસ્લામિક આંદોલનમાં તેનો ઉપયોગ કરવામાં આવે અને હિંસાત્મક સંઘર્ષનો ઉપયોગ કરવામાં ન આવે. અત્યારના સમયમાં અને જમાનાના બદલાવ સ્વરૂપે શાંતિપૂર્ણ કાર્યશૈલી રૂકાવટ વિના અને આસાનીથી ઉપલબ્ધ છે તેથી ઊપર વર્ણવ્યા પ્રમાણે તે બહુ જ પ્રભાવી થઈ ચૂકી છે અને આ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી કે વર્તમાન સમયમાં હિંસા પૂર્ણ રીતનો મુશ્કેલ અને સાથે સાથે અવ્યવહારિક પણ છે અને બીલકુલ અનઉપયોગી છે. **તેના મુકાબલામાં તેની સામે શાંતિપૂર્ણ રીત બહુ જ પ્રભાવી અને બહુજ અસરકારક અને લાંબા સમય સુધી રહેવા વાળી છે.**

હવે શાંતિપૂર્ણ રીતોનો ઉપયોગ કરવાથી શાંતિપૂર્ણ અને હિંસક બંનેમાંથી એકની જો પસંદગી કરવાનો સવાલ આવે **તો શાંતિપૂર્ણ કાર્યવાહી એકમાત્ર યોગ્ય અને અસરકારક ઉપયોગ રહી જાય છે.** આવી હાલતમાં એવું કહેવું બિલકુલ સત્ય છે કે હવે હિંસા પૂર્ણ રીતો ને વ્યવહારિક રીતે તદ્દન બેકાર રદ અને ત્યાગ કરવાનો લાયક દરજ્જો પ્રાપ્ત થઈ ગયો છે અને તે ચીજોને ઈસ્લામની કાનૂનની પરિભાષામાં મંસુખ કહેવામાં આવે છે.

હવે ઈસ્લામના અનુયાયીઓ એટલે કે મુસ્લિમો માટે એક જ રીત તે બાકી રહી ગઈ છે કે તેઓ કોઈપણ જાતના શંકાવિના સાંપ્રત સમય અનુસાર શાંતિપૂર્ણ રીતો અપનાવે.

**અને પોતાનામાં બદલાવ પેદા કરે સિવાય કે એનો સમય બદલાય, જે બીજી વખત તેનો આદેશ બદલી નાખે.**

એ વાત પણ તદ્દન સાચી છે કે પયગંબર સાહેબ પણ અમુક પ્રસંગોએ હિંસા પૂર્ણ કાર્યશૈલિ અપનાવી હતી પરંતુ એ તો એ સમયના હાલત પ્રમાણે એક માત્ર વિકલ્પ હતો જે તેને અપનાવવા માટે આપને  મજબુર કરવામાં આવ્યા હતા. હવે જ્યારે સમય કાલ પરિવર્તનના પરિણામે આ મજબુરી નથી તો હવે હિંસા પૂર્ણ કાર્યશૈલીનો ઉપયોગ પણ અનાવશ્યક કાર્યશૈલી માનીને છોડી દેવો જોઈએ. હવે નવી પરિસ્થિતિઓમાં ફક્ત અને ફક્ત શાંતિપૂર્ણ કાર્યશૈલી ને જ માન્યતા આપવામાં આવે.

સાંપ્રત સમયમાં એક વિચારવા લાયક ઉદાહરણ હિન્દુસ્તાનના લિડર ગાંધીજીએ તેમના જીવનમાં પૂરૂં પાડ્યું છે (મૃત્યુ ૧૯૪૮) સમય અને કાળના પરિવર્તનના કારણે ગાંધીજી માટે સંભવ થયું કે તેઓ તેઓ એક પૂર્ણ વિકસિત રાજનૈતિક લડાઈ લડી શક્યા અને તેને સફળતા સુધી પહોંચાડી દીધી અને અંત સુધી અહિંસા અને શાંતિપૂર્ણ કાર્યશૈલીનો નિયમ પકડી રાખ્યો. આ બધું અહિંસા અને શાંતિપૂર્ણ રીતથી જ પૂરૂં થયું.

મુસ્લિમ ધર્મ શાસ્ત્ર અને વિધિ શાસ્ત્ર (ફિક્હ) પ્રસિદ્ધ સિદ્ધાંત છે કે તેમાં કાળ અને સ્થાનમાં પરિવર્તન અનુસાર કોઈક નિયમોમાં સંશોધન કરવું જોઈએ અથવા તો સંશોધન કરી શકીએ છીએ.

માન્ય અને સ્વીકાર કરવામાં આવેલ આ ફિક્હી સિદ્ધાંતની માંગ છે કે જ્યારે સમય અને કાળનાં હાલાત બદલાઈ જાય તો વર્તમાન સમયના હાલત પ્રમાણે શરિયતના આદેશોનું પાલન કરતા કરતા તેમના ઉપયોગની યોગ્ય રીત શોધવામાં આવે જેથી કરીને ધાર્મિક આદેશને પરિવર્તિત સમય પ્રમાણે સુસંગત કરી શકાય. ફિક્હના આ સિદ્ધાંતનો સંબંધ જે રીતે બીજા મામલાઓ સાથે છે એવી જ રીતે આનો સંબંધ યુદ્ધ સંબંધી મામલાઓમાં સાથે પણ છે જ. આજની માંગ છે કે હિંસાને હવે સંપૂર્ણ તયા રદ કરવામાં આવે અને ફક્ત શાંતિપૂર્ણ રીતને જ ધર્મ શાસ્ત્ર પ્રમાણે યોગ્ય દરજ્જો આપવામાં આવે.

## વર્તમાન સમયના જેહાદી આંદોલનો

વર્તમાન સમયમાં ઘણા દેશોમાં મુસલમાનો ઈસ્લામી જેહાદના નામે સશસ્ત્ર અને હિંસક આંદોલનો ચલાવી રહ્યા છે. પરંતુ કોઈ આનંદોલન ફક્ત એ કારણથી જેહાદ આંદોલન નહીં કહી શકાય કે તેમને ચલાવવા વાળાઓએ અથવા તો તેમના કોઈ અગ્રદૂતોએ જેહાદનું નામ આપ્યું હોય. કોઈ કાર્યવાહી કેવળ તેજ સમયે ઈસ્લામી જેહાદ કહેવાય છે જ્યારે તે ઈસ્લામનાં સિદ્ધાંતો પ્રમાણે પૂરી થાય. જેહાદની શરતો પૂરી કર્યા વિના જે જેહાદ કરવામાં આવે તે સાચાઅર્થમાં જેહાદ નહીં હોય. પરંતુ દંગા-ફસાદ જ હશે. જે લોકો આ કામમાં જોડાયેલા હશે તે જેહાદનું ઈનામ નહીં મેળવી શકે. પરંતુ ઈશ્વર તરફથી સજાને પાત્ર થશે.

યુદ્ધ અથવા જંગના અર્થમાં જેહાદની શરતો કઈ કઈ છે. એ બાબત મારી બુકમાં વિસ્તારથી લખાયું છે. એક વાતની સ્પષ્ટતા કરવી બહુત જરૂરી છે કે યુદ્ધના અર્થમાં જેહાદનું સ્થાન સૈદ્ધાંતિક નમાજ રોજા જેવા અંગત વ્યક્તિગત કર્મો જેવી નથી પરંતુ એક એવી કાર્યવાહી છે કે રાજ્ય અને સરકાર જ કરી શકે છે.

જંગ-યુધ્ધનાં અર્થમાં જેહાદનું આ પાયાનું સ્થાન કુરઆન અને હદીષમાં સ્પષ્ટ બતાવવામાં આવ્યું છે. દાખલા તરીકે કુરાનમાં આદેશ આપવામાં આવ્યો છે કે દુશ્મન તરફથી ડરની સ્થિતિ પેદા થાય તો તેને લઈને પોતાની જાતે કોઈ કામ શરૂ ન કરો. પરંતુ તેને સરકાર અને તેના અધિકારીઓ તરફ રજૂ કરો. જેથી તેઓ આ મામલે તેનું અધ્યયન કરીને તેની પ્રકૃતિ સમજે અને એ બાબતમાં યોગ્ય નિર્ણય અને આવશ્યક કદમ ઉઠાવે (કુરાન, સૂરહ અન નિસા ૪/૮૩) કુરઆનની આ આયત બતાવે છે કે દુશ્મન તરફથી અગર ડર બતાવવામાં આને અને એવું વાતાવરણ બનાવવામાં આવે તો પણ પોતાની જાતે પહેલ કરવી યોગ્ય નથી. લોકો ફક્ત આટલુંજ કરી શકે છે કે આ મામલાને સરકારને હવાલે કરી દે અને સરકાર તરફથી જે કંઈ પણ કરવામાં આવે તેમાં તેનો સાથ આપે.

પયગંબર સાહેબના એક કથન અનુસાર (હદીસ) પયગંબરે ઈસ્લામે જાહેર કર્યું છે કે ઈમામ એક પ્રકારથી પ્રશાસનિક ઢાલ છે, યુદ્ધ તેના દ્વારા જ તેના નેતૃત્વમાં

કરવામાં આવે છે. અને આ માધ્યમથી જ સુરક્ષા મળે છે. (સહી બુખારી ૨૯૫૭)

તેથી માલુમ પડે છે કે જંગી હિફાજત સરકારના નેતૃત્વમાં કરવામાં આવશે. સામાન્ય મુસલમાનોની જવાબદારી ફક્ત એટલી જ હશે કે તે પોતાના શાસકોના આદેશોનું પાલન કરે અને તેમનો સાથ આપીને સરકારનું ઉદ્દેશ સફળ બનાવે.

આ ફિક્હના વિદ્વાનો વચ્ચેનો આ સામાન્ય સહમતિનો વિષય છે કોઈ જ વિદ્વાન આમાં મત ભેદ ધરાવતો નથી. એટલે ધર્મશાસ્ત્રના વિદ્વાનોની આમ સહમતી અને અભિપ્રાય પ્રમાણે જંગનું એલાન ફક્ત અને ફક્ત સ્થાપિત સરકાર જ કરી શકે છે. કે અરબીમાં કહેવામાં આવે છે કે અલ રહીલૂ લિલ ઈમામ અર્થાત જંગનું એલાન ફક્ત શાસકનું જ કામ છે. કોઈપણ ગેર સરકારી એટલે કે સામાન્ય જનતા સહિત અન્ય કોઈપણ વ્યક્તિગત માણસોને જંગનું એલાન કરવાનો હક નથી.

વાસ્તવિકતા આ છે કે જંગ એક બહુજ વ્યવસ્થિત અને પ્રબંધ માંગી લેતી છે પ્રક્રિયા છે. આ મોટો પ્રબંધનું કામ ફક્ત સરકાર જ કરી શકે છે. એજ કારણ છે કે જંગની કાર્યવાહી સરકાર માટે જ યોગ્ય છે. સામાન્ય જનતાને જંગની કાર્યવાહી કરવી બિલ્કુલ યોગ્ય નથી.

વર્તમાન સમયમાં ઘણા દેશોમાં મુસ્લિમો ત્યાંની

સરકારના વિરૂદ્ધ સશસ્ત્ર અને હિંસક ટકરાવ કરી બેઠા છે. પરંતુ આના લીધે વિના અપવાદ એ તેનાથી દંગા અને ફસાદ થાય છે. આની હેસિયત અરાજક્તાની જ છે. ન કે ઈસ્લામી જેહાદની. એજ કરાણ છે કે અત્યાર સુધી એવી જેહાદ કોઈપણ સરકારે જાહેર કરી નથી. તેમાંથી એક જેહાદ ગેર સરકારી સંગઠનોએ ચાલુ કર્યો છે અને તે તેમના તરફથી ચલાવી રહયા છે આમાંની કોઈપણ જેહાદી ગતિવિધિને મુસ્લિમ સરકારનો સહયોગ અને સહાયતા પ્રાપ્ત છે અને આ સહાયતા જેહાદ જાહેર કર્યા વિના ગુપ્ત રીતે કરવામાં આવે છે તો ઈસ્લામી કાનુન અનુસાર સરકાર કોઈપણ મુસ્લિમ સરકાર જેહાદની પ્રવૃત્તિને, જેહાદ તરીકે જાહેર કર્યા વિના છૂપી છૂપીને થઈ રહી છે તો જાણવું જરૂરી છે કે કોઈપણ સરકારને જેહાદનો અધિકાર ત્યારે જ મળે છે કે જ્યારે તે સ્પષ્ટ રૂપે જેહાદનું એલાન કરે. આ એલાન કર્યા વિના પણ મુસ્લિમ શાસક પણ જંગ કરી શક્તો નથી.

અત્યારના સમયમાં દુનિયામાં અનેક જગ્યાએ મુસ્લિમો દ્વારા જેહાદના નામે અનેક પ્રવૃત્તિઓ ચાલે છે. આજકાલની ભાષામાં તે બે જાતની છે. એકની છાપા મારની રીત અને ગેરીલા યુદ્ધની છે. આ બંને અપ્રત્યક્ષ યુદ્ધ અથવા તો ગુપ્ત યુદ્ધ છે. બંને પ્રકારની જંગો ઈસ્લામમમાં અમાન્ય છે. ગોરીલ્લા યુદ્ધ એટલા માટે અમાન્ય છે કે તે સરકારી સંગઠનો દ્વારા ચલાવતું નથી. કોઈ તેને સ્થાપિત સરકાર ચલાવતી નથી. અપ્રત્યક્ષ યુદ્ધ એટલા માટે પણ અયોગ્ય છે કે કોઈ સરકાર

તેને યુદ્ધ જાહેર કરીને કરતી નથી. યુદ્ધ જાહેર કર્યા વીના યુદ્ધ કરવું ઈસ્લામમાં ઉચિત નથી.

## જેહાદનો ૩ પ્રકાર છે

આ જેહાદ એ નિરંતર દરેકના જીવનમાં મૃત્યુ પર્યંત ચાલતી પ્રક્રિયા છે તેના ત્રણ પ્રકારો છે.

(૧) જેહાદે નફસ : એટલે કે પોતાની નકારાત્મક ભાવનાઓ પર કાબૂ રાખવો અને દરેક હાલમાં ઈશ્વરના પ્રિય રસ્તા પર ચાલતા રહેવું.

(૨) **જેહાદે દાવત : ઈશ્વરના પયગામને તમામ લોકો સુધી પહોંચાડવું અને એક તરફી હમદર્દી અને ભલાઈની ભાવના સાથે દિલ દઈને કોશિશ કરવી આ એક મહાન કાર્ય છે એટલે કુરાનમાં જેહાદ કબીર એટલે કે મહાન જેહાદ કહેવામાં આવ્યું છે.** (કુરાન સૂરહ અલ ફુરકાન ૨૫/૫૨)

(૩) દુશ્મનના વિરૂદ્ધ જેહાદ : દીન એ હક ના વિરોધીઓનો સામનો કરવો અને દીનને હરેક હાલતમાં સુરક્ષિત અને સ્થાપિત રાખવું જ આ જેહાદનો વાસ્તવિક અર્થ છે. આ જેહાદ પહેલાં પણ એક શાંતિપૂર્ણ પ્રક્રિયા હતી અને અત્યારે પણ મૂળ સ્વરૂપમાં એક શાંતિપૂર્ણ પ્રક્રિયા જ છે. એ દ્રષ્ટિએ જેહાદ એ શાંતિપૂર્ણ સંઘર્ષ જ છે ન કે કોઈ સશસ્ર લડાઈ.

એક જગ્યાએ પયગંબર સાહેબે ફરમાવ્યું છે કે મા-બાપની સેવા માટે જેહાદ કરો તેનાથી સ્પષ્ટ જાણવા મળે છે કે મા-બાપની સેવા કરવી એ જેહાદ નો જ અમલ છે.

આ પ્રકારની કુરઆનમાં અનેક આયતો છે અને પયગંબર સાહેબના અનેક કથનો (હદીસ) છે. જે જોવાથી જાણવા મળે છે કે એ જેહાદ એ મૂળરૂપથી એક શાંતિપૂર્ણ પ્રક્રિયા છે. આતો કોઈ આવશ્યક ઈશ્વરીય કાર્યમાં શાંતિની સિમાઓની અંદર કરવામાં આવેલો ભરપૂર પ્રયાસ યા તો સંઘર્ષ છે આવી રીતે જેહાદ શબ્દનો સાચો અર્થ શાંતિપૂર્ણ સંઘર્ષ છે.

## શાંતિની અગત્યતા

કુરાનની સૂરહ અન નિસામાં બતાવવામાં આવ્યું છે કે ''મેળ મિલાપ વધુ સારો છે'' (સૂરહ અન નિસ ૪/૧૨૮) મેળ મિલાપ શું છે ??? મેળ મિલાપ ખરેખર તો શાંતિના પરિણામનું બીજુ નામ છે જ્યાં મેળ મિલાપ છે ત્યાં શાંતિ છે અને જ્યાં મેળ મિલાપ નથી ત્યાં શાંતિપણ નથી. આ દ્રષ્ટ્રિએ એ કહેવું યોગ્ય છે કે ઈસ્લામમાં શાંતિને સૌથી ઉત્તમ અને સૌથી મોટી ભલાઈનો દરજ્જો પ્રાપ્ત છે.

લોકો સામાન્યત : ન્યાયને મોટી ચીજ સમજે છે પરંતુ સત્ય આ છે કે ન્યાય એ કેવલ એક વિચાર યા એક અવધારણા છે. વાસ્તવિક પ્રશ્ન એ છે કે તે કઈ રીતે પ્રાપ્ત થઈ શકે ? ઉત્તર તેનો એ જ છે કે અને તે છે શાંતિના માધ્યમથી.

શાંતિનો લાભ એ પણ છે કે તેના માધ્યમથી અવસર પ્રાપ્ત થાય છે. ન્યાય કોઈને પણ પોતાની જાતે નથી મળતો. માણસને ન્યાય એ જ સમયે મળે છે એ જ્યારે તે અવસરને ઓળખે અને અવસરનો સમજદારીથી ઉપયોગ કરે.

આજે દુનિયાભરમાં ન્યાય માટે લોકો લડી રહ્યા છે. એમાંથી હવે દરેક ઉચિત ન્યાય મેળવવા માટે અસફળ છે. એનું કારણ ફક્ત એક જ છે અને તે ખોટી કાર્યશૈલી. આ એક સચ્ચાઈ છે દુનિયામાં સૌથી વધુ મહત્તા કાર્યશૈલીની છે. આ દુનિયામાં કોઈપણ સાચું લક્ષ્ય ખોટી કાર્યશૈલીથી પ્રાપ્ત થઈ જ શકતું નથી આ સિદ્ધાંત એટલો બધો સામાન્ય છે કે કોઈ વ્યક્તિ અથવા તો કોઈ સમૂહ તેમાં અપવાદ નથી.

**કોઈ સમૂહ જો ન્યાય ઈચ્છે તો સૌપ્રથમ પોતાને ત્યાં શાંતિ સ્થાપિત કરવી જોઈએ. તેને યેનકેન પ્રકારેણ પણ પ્રાપ્ત કરવી જોઈએ, પછી ભલેને તેના માટે કોઈપણ મુલ્ય કેમ ન ચુકવવું પડે. એ શાંતિ ક્યારે દ્વિપક્ષી આધાર પર સ્થાપિત થતી નથી. તે હંમેશા વન સાઈડ ધીરજ અને સહનશીલતા ના પાયા પર જ સ્થાપિત થાય છે. આના સિવાય શાંતિ સ્થાપિત કરવાનો કોઈ જ ઉપાય નથી.**

પ્રકૃતિની વ્યવસ્થા અવસરો પર આધારિત છે. પ્રકૃતિની વ્યવસ્થા પ્રમાણે હંમેશા એવું થાય છે કે અવસરો મોટી સંખ્યામાં અને ભરપૂર માત્રામાં મૌજુદ હોય છે. હિંસા અને ધૃણા નફરતનું વાતાવરણ આ પ્રાકૃતિક અવસર માટે બાધક

છે. તે દિવાલ બનીને ઉભો રહી જાય છે. પહેલા સૌથી પહેલા ધૃણા અને હિંસાની અવરોધરૂપ દિવાલ હટાવવી જોઈએ. તો જ આ અવસરને આપણે માણી શકીશું. દિવાલો હટવાથી અવસરોનું જાણે પુર આવ્યું હોય તેમ અવસરો પ્રાપ્ત થશે. જેથી કોઈપણ પોતાનો ઉદ્દેશ પ્રાપ્ત કરી શકશે અને તેનો લાભ ઉઠાવી શકશે. આ અવસરો પોતાની પ્રકૃતિની દ્રષ્ટિથી ધર્મ નિરપેક્ષ પણ હોય છે અને ધાર્મિક પણ હોય છે.

અવસરનો દુનિયાનો ઉપયોગ એ છે કે તેની સદુપયોગ કરીને શિક્ષણ અને આર્થિક ક્ષેત્રમાં ઉપલબ્ધ સંશાધનોનો રચનાત્મક કાર્યોમાં ઉપયોગ કરીને વ્યસ્ત થઈ જવાય અને હરેક પ્રકારની ઉન્નતિ પ્રાપ્ત કરીએ. અવસરોનો ઉપયોગ એ છે કે એહલે ઈમાન આ અવસરને દાવતે ઈલ્લાહ અર્થાત ઈશ્વરની રાહ અથવા તો સચ્ચાઈની રાહ તરફ લોકોને બોલાવવાના કામોમાં ઉપયોગ કરવામાં આવે અને આ દાવતનાં મિશનમાં સક્રિય થઈને પોતાની જાતને ઈશ્વર માટે વિશેષ ઉપહારને લાયક બનાવવાની કોશિશ કરવામાં આવે.

## હિંસાત્મક કામોનું સૌંદર્ય કરણ

હિંસા દરેક રીતે વિનાશકારી જ કામ છે સંપૂર્ણ માનવ ઈતિહાસ સાક્ષી છે કે હિંસાના માધ્યમથી ક્યારેય પણ કોઈપણ વ્યક્તિ કે સમૂહને સકારાત્મક અને રચનાત્મક સફળતા પ્રાપ્ત થઈ જ નથી. પણ જ્યારે પણ કોઈપણ સમૂહે હિંસાની રીત અપનાવી. તેના ભાગમાં કેવળ વિનાશ જ આવ્યો નહીં કે

સાચા અર્થમાં કોઈ લાભ કે ઉન્નતી. આબધુંજ જોવા છતાં પણ લોકો વારંવાર હિંસાનો સહારો લે છે અને હિંસાત્મક કામ કરે છે. ખરેખર તો આ વસ્તુ ''શૈતાનિક સૌંદર્ય કરણ'' જ છે.

આ તો કુરાનમાં બતાવવામાં આવ્યું છે કે શેતાનની ખાસ રીત છે. તે અયોગ્ય કામોને પણ સુંદર શબ્દોમાં મનમોહક શબ્દોમાં લોકો પાસે પ્રસ્તુત કરે છે તે લડાઈ ઝઘડા અને દંગા ફસાદને પણ ''સુધારા''નું નામ આપે છે. (કુરાન સૂરહ અલ હિજ્ર ૧૫/૩૯)

તે શેતાન આ રીતે લોકોના મન મસ્તિષ્કને પ્રભાવિત કરે છે. તે લોકોને મનમાં ઠસાવે છે તમે જે કરી રહ્યા છો તે હિંસા નથી પરંતુ પવિત્ર જેહાદ છે, આ રસ્તો તો શહાદતનો રસ્તો છે. તમને સિધી જન્નત મળવાની છે. આને જ તો ''શેતાનીક સૌંદર્ય કરણ'' કહેવામાં આવે છે. આના શિકાર થઈને હિંસાત્મક કામો કરે છે. ખરાબ કામો કરે છે તો પણ શેતાન તેમને બતાવે છે કે આ તો બહુજ સારૂં કામ છે.

આ ''શેતાનીક સૌંદર્ય કરણ'' થી બચવાનો એક જ રસ્તો છે તે એ કે પોતાના કામના પરિણામોને તેના હેતુથી જોવામાં આવે. તેનું પરીક્ષણ કરવામાં આવે. જે હિંસક કામો વિનાશકારી પરિણામો સુધી પહોંચાડે જેનાથી અવસરો નકામા થઈ જાય. તેની બાબતમાં માની લેવામાં આવે કે આતો શેતાનીક કરણનો ભાગ જ છે. પછી ઈશ્વરની માફી માંગીને તે રસ્તો છોડી દઈ તે કામો છોડી દેવા જોઈએ.

સચ્ચાઈ તો એ છે કે હિંસા ખરેખર તો તેની જાતે જ અપ્રિય કામ Undesirable છે. હિંસાથી ક્યારે પણ સુધારો થતો નથી. તેનાથી નુકસાન થાય છે. હિંસા એક અમાનવીય કામ છે. હિંસાથી ધૃણા અને દુશ્મની પેદા થાય છે. **પોતાનામાં ધૃણા અને દુશ્મનીની ભાવના સમાપ્ત કરી દો તો એના પછી શેતાન તમારી પર કયારે પણ નિયંત્રણ નહીં મેળવી શકે.**

## પ્રતિક્રિયાનું ઈસ્લામમાં કોઈ સ્થાન નથી

બહુ બધા લોકો યુદ્ધ અને હિંસામાં વ્યસ્ત છે, વ્યક્તિગત અને સામૂહિક રૂપે પણ તેમને કહેવામાં આવે છે કે તમે આ વિનાશકારી કામ શા માટે કરી રહ્યા છો ? ? તો તેઓ શિઘ્ર જવાબ આપશે કે આતો એક સ્વાભાવિક પ્રતિક્રિયાજ છે. જ્યારે કોઈ વ્યક્તિ કે સમૂહની વિરૂદ્ધ કોઈ અત્યાચાર કે અન્યાય થશે તો તેની અંદર પ્રતિક્રિયા તો થશે જ. તે બંદુક અને બોમ્બનો ઉપયોગ કરશે. અહીં સુધી કે અંતમાં તે આત્મઘાતી બોમ્બરની રીત પણ  અપનાવશે. હિંસક પ્રતિક્રિયા ઓને સમાપ્ત કરવી છે તો બીજા પક્ષ તરફથી કરવામાં આવેલ અત્યાચાર અને અન્યાય સમાપ્ત થવો જોઈએ અન્યથા અમારી આ હિંસક રીત ચાલુ જ રહેશે. અગર પ્રતિક્રિયાને સમાપ્ત કરવી છે તો બીજા પક્ષની કાર્યવાહીઓ સમાપ્ત કરો. આમ આ મામલામાં એ એક તરફી One Sided ઉપદેશ આપવાનો કોઈ અર્થ નથી. તેનાથી કોઈ ફાયદો થતો નથી.

પ્રતિક્રિયાનો આ વિચાર જ અપ્રાકૃતિક અને અયોગ્ય છે. આવા લોકોની ખરી ભૂલ એ છે કે તેમના મનમાં તેમણે ખોટી માન્યતાઓ સ્થાપિત કરી છે. પોતાના કામોનું સાચું મૂલ્યાંકન કરવું હોય તો તેના પરિણામોને નજર સમક્ષ રાખવા જોઈએ. સારા કામની નિશાની એ છે કે એ કામ કર્યા પછી લાભકારી પરિણામો મળે. જે કામ કરવાથી સારા પરિણામ ન મળે તે નિશ્ચિત છોડી દેવું જોઈએ.

સચ્ચાઈ એ છે કે કોઈપણ કામ કરવા પછી તે સારા પરિણામ લાવે છે કે હાનિકારક સાબિત થાય છે. આ મામલામાં ત્રીજી કોઈ જ સ્થિતિ હોતી નથી. સૌથી ઉત્તમ કામ એ છે જે સકારાત્મક પરિણામ લાવે અને જે કામ સકારાત્મક પરિણામ લાવવા વાળું ન હોય તે કેવળ પોતાના જ વિનાશ વધારનાર ગણાશે અને પોતાના વિનાશ ને વધારવું કોઈ પણ બુદ્ધિમાન પસંદ નહીં જ કરે.

કોઈપણ કાર્યના વિરૂદ્ધ ભાવનાત્મક સેન્ટિમેન્ટલ પ્રતિક્રિયા તે કાર્યનો ઉત્તર નથી. કોઈપણ કામનો યોગ્ય જવાબ એ છે કે પહેલા વર્તમાન હાલતનું નિરીક્ષણ અને વિશ્લેષણ કરવામાં આવે સકારાત્મક સાથે પરિણામ ઉત્પન કરવાવાળી યોજના બનાવવામાં આવે પછી ટકરાવની જગ્યાએ રચનાત્મક રીતથી પોતાની કાર્યવાહીનો પ્રારંભ કરવામાં આવે. આ જ સાચી રીત છે. ઈસ્લામિક પદ્ધતિ છે.

# નાનો જેહાદ અને મોટો જેહાદ

એક હદીસ અનુસાર પયગંબરે ઈસ્લામ એક યુદ્ધમાંથી પાછા ફરતા હતા. મદીના પાછા ફરી અને કહ્યું કે ''આપણે નાના જેહાદ માંથી મોટા જેહાદ તરફ પાછા ફર્યા છીએ.''

We have come from temporary Jihad to permanent Jihad.

ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરવાથી સ્પષ્ટ જણાઈ આવશે કે અસ્થાયી જેહાદનો અર્થ રક્ષાત્મક છે જેની આવશ્યકતા ક્યારેક ક્યારેક જ હોય છે. અને સ્થાયી જેહાદનો અર્થ આત્મિક અને માનસિક જેહાદ સ્પિરિચ્યુઅલ જ છે. જે પ્રત્યેક વ્યક્તિના જીવનમાં સતત ચાલતી રહેતી પ્રક્રિયા જ છે.

આ વાતની ચર્ચા એક હદીસમાં આ રીતે કરવામાં આવી છે. ''જેહાદ કરો જે રીતે તમે તમારા શત્રુ સાથે જેહાદ કરો છો''.

દુશ્મનના વિરૂદ્ધ જેહાદ તો ક્યારેક કરવામાં આવતી ઘટના છે. તેની જરૂર એ સમયે પડે છે જ્યારે કોઈ મુસ્લિમ રાજ્ય પર હુમલો કરવામાં આવે. આ રક્ષણાત્મક જેહાદ છે અને તેમાં થોડાક પ્રશિક્ષિત લોકો જ ભાગ લે છે ન કે તમામ મુસ્લિમ સમાજ. આના વિરૂદ્ધ પોતાના નફસ (મનેચ્છા) વિરૂદ્ધ જેહાદ વ્યક્તિગત પ્રકારની ચીજ છે. અને તે દરેક મોમિનના જીવનમાં સતત ચાલતી રહેતી ક્રિયા છે.

જોઈએતો વાસ્તવિક્તા એ છે કે વર્તમાન દુનિયા એ પરીક્ષાની દુનિયા છે. આ દુનિયામાં દરેક કામ માટે પોતાના મન સાથે સંઘર્ષ કરવો પડે છે. પોતાના મનથી સફલ સંઘર્ષ વિના કોઈ વ્યક્તિ જેહાદે નફસના કાર્યને સફળતાપૂર્વક પરિણામ સુધી લાવી શક્તો જ નથી.

દાખલા તરીકે ઈસ્લામમાં આ પણ પુણ્યનું કામ છે કે તમે જે વ્યક્તિને મળો તેને સલામ કરો. આ શબ્દ (અસ્સલામ અલૈકુમ) બોલવું એક મોટું કામ છે. આ બે શબ્દો બોલવા પર જન્નતની શુભ સૂચના આપવામાં આવી છે. પરંતુ વર્તમાન સમયમાં દુનિયામાં રહેતા લોકો સાથે રહેતા લોકોના કડવા અનુભવનો સામનો કરવો પડે છે.

આજ કારણથી દરેક વ્યક્તિને બીજી વ્યક્તિ માટે શિકાયત જ રહેલી હોય છે. **આવી સ્થિતિમાં સાચા અર્થમાં સલામ કરવામાં આવે તો આ સલામ એ જ વ્યક્તિ કરી શકે છે જેના દિલમાં કોઈપણ જાતના ખરાબ કે નકારાત્મક ભાવના ન હોય અને તે પોતાને દ્વેષથી પવિત્ર કરી લે અને લોકો માટે પોતાના મનને ભલાઈની ઈચ્છાથી ભરીલે અને બરાબર ધ્યાન આપે તો આ કામ એટલું મોટુ છે કે તેના માટે સતત પ્રયત્નશીલ રહેવું પડે. તેથી આને જેહાદ નામના શબ્દોથી સ્પષ્ટ કરવામાં આવ્યો છે.**

આજ પ્રકારની હદીસની બુક સહિહ મુસ્લિમમાં એક હદીસ છે કે ''અલ હમ્દુ લિલ્લાહ'' Thanks to God કહેવાથી મિઝાન ભરાઈ જાય છે.

ધ્યાનપૂર્વક જો આપણે નોટિસ કરીએ તો આ કોઈ નાનકડી સાધારણ વાત નથી. વાસ્તવિક્તા એ છે કે સાચા દિલથી ''અલ હમ્દુ લિલ્લાહ'' કહેવા માટે એક મોટી માનસિક અને બૌદ્ધિક અને એકાગ્રતાની આવશ્યક્તા હોય છે. **''અલ હમ્દુ લિલ્લાહ'' કહેવું એટલે ઈશ્વર દ્વારા જે કંઈ આપણને ઉપહારો આપેલા આ માટે તેનો આભાર વ્યક્ત કરવો છે. ઈશ્વર દ્વારા અપાયેલા ઉપહારો ગણ્યા ગણાય નહીં તેટલા છે. આપણને સતત મળતા રહે જ છે, તદ્દન આસાનીથી મળતા રહે છે એટલે જ આપણને તેની કદર નથી હોતી. તેનાથી લોકો ટેવાઈ જાય છે અને તેનું મહત્વ સમજતા જ નથી કુદરતની મોટી ભેટ પણ ગણાતા નથી.**

આવી હાલતમાં અલ હમ્દુ લિલ્લાહ કહેવા પર એક વ્યક્તિને સોચ વિચાર સંબંધી જેહાદ કરવો પડે છે. તેને આ કરવું પડે છે કે પોતાની વિચાર શક્તિ દ્વારા પોતાના અચેતન મન એટલે કે નિષ્ક્રિય મન ને (concious mind) ચેતન મનની સીમામાં લાવે અને ભાવનાઓને એક એક નવી દિશા આપે. તે પોતાની બૌધ્ધિક અને વિચાર શક્તિને જાગૃત કરવા માટે એક જાતનો મુજાહિદ બની જાય છે. પછી જ આ કલમો જે તેના મોઢામાંથી નીકળે છે. તે ક્યામતને દિવસે પોતાના કર્મોના ત્રાજવા ને ભરી દેશે.

દરેક વ્યક્તિના મનની અંદર જાત જાતની ઈચ્છાઓ અને માનસિક અવસ્થા હોય છે જેમકે લાલચ, હું જ શ્રેષ્ઠ છું તેવી ભાવના, લોકોથી ધૃણા કરવી, બીજાઓને નાના સમજવા,

અધીરા પણું, અસહિષ્ણુતા, ક્રોધ અને વેર લેવાની ભાવના વગેરે. માણસ દરેક સમયે આ બુરી અને નકારાત્મક ભાવનાઓને આધીન થઈને કામ કરતો રહે છે. સાથે સાથે તે પોતાની પસંદગીની ચીજો બનાવતો પણ રહે છે દાખલા તરીકે માલ, દૌલત, પ્રસિદ્ધિ અને સંતાન વગેરે.

ઘૃણા અને પ્રેમની ભાવના દરેક વ્યક્તિના મન પર સતત છવાયેલી રહે છે. તે જે કંઈ વિચારે છે તે ભાવનાઓના સાગરમાં ડૂબીને જ વિચારે છે. આ ભાવનાઓ જ તેની સોચને વિચાર આકાર આપે છે. તે સક્રિય કે નિષ્ક્રિય મનની અવસ્થામાં જાણવા છતાં પણ અજાણી અવસ્થામાં જ તેજ ભાવનાઓના બિબામાં પોતાનું જીવન ઢાળી દે છે. આવી અવસ્થામાં ઈશ્વરને સતત પોતાનું ધ્યાન અને આકર્ષણનું કેન્દ્ર બનાવવું તે ખરેખર એક જેહાદી જ કાર્ય છે. તે ઈશ્વરના બતાવેલા સીધા રસ્તા પર પોતાને હટવા ન દે આ બહુ જ મોટું મુશ્કેલ કામ છે. આને જ જેહાદે નફસ એટલે કે પોતાના મન સાથેની લડાઈ કહેવામાં આવી છે.

## સારાંશ

















જેહાદ એક અરબી શબ્દ છે જેનો અર્થ છે શાંતિ પૂર્ણ સંઘર્ષ કરવો. શાંતિપૂર્ણ સંઘર્ષ ખરેખર તો દાવતી સંઘર્ષ છે, જેવું કે કુરાનમાં સૂરહ અલ ફુરકાનમાં માર્ગદર્શન કરવામાં આવ્યું છે કે ''શાંતિપૂર્ણ સંઘર્ષ ના માધ્યમથી કુરાનનો સંદેશો પહોંચાડો''.

**દાવત એટલે કે એક પક્ષીય હમ દર્દી અને ભલા ની ઈચ્છા સાથે બધા લોકો સુધી ઈશ્વરનો સંદેશ પહોંચાડવો તે એક વૈચારિક સંઘર્ષ છે. આ એક મહાન કાર્ય છે. એક તેની અનેક માંગો છે. દાવત ના કામને જરૂરી માંગો સાથે આકાર દેવાનો પ્રયાસ કરવામાં આવે તો તે એક સંઘર્ષ બની જાય છે તેથી દાવતના કામને પણ એક જાતનું જેહાદ કહેવામાં આવે છે.**

જેહાદનો અર્થ વાસ્તવમાં તો આ જ છે પરંતુ તેના વિસ્તારિત અર્થની દ્રષ્ટિએ જેહાદને યુધ્ધના અર્થમાં પણ પ્રયોગ કરવામાં આવે છે. એ તેનો વિસ્તૃત અર્થ છે. જ્યાં સુધી આદેશ નિર્દેશ અને નિયમ સિદ્ધાંત એકબીજાથી બિલકુલ અલગ છે. દાવતી જેહાદનું વાસ્તવિક ઉદ્દેશ બીજા પક્ષની વિચારધારાને બદલવાનો હોય છે. જ્યારે કે યુધ્ધનો ઉદ્દેશ બીજા પક્ષનો વિનાશ અને તેને સમાપ્ત કરવાનું હોય છે. જેહાદ અને કેતાલના વચ્ચે આધારભૂત અંતર એ છે કે જેહાદ દાવતના અર્થમાં બધા લોકોથી સંબંધિત એક સામાન્ય આદેશ છે. જેહાદ દાવતના સંદર્ભમાં હંમેશા દરેક સ્થિતીમાં કરવું જોઈએ. આ પ્રકારનો જેહાદનો ઉદ્દેશ્ય ઈશ્વરના સંદેશને લોકો સુધી પહોંચાડવો જ છે. દાવત ફક્ત માનવીય ભલાઈ પર આધારિત રચનાત્મક કાર્ય છે. દરેક યુગમાં દરેક પેઢીમાં ચાલુ જ રહે છે. તેના વિપરીત જેહાદ કેતાલના અર્થમાં એક સ્થાયી કામ છે. ત્યારે જ કરવામાં આવે છે જ્યારે બીજા દેશની સેના મુસ્લિમ

દેશ પર આક્રમણ કરે. આ આક્રમણનો સામનો કરવાની સામાન્ય લોકો પર કોઈ જવાબદારી નથી. પરંતુ તેની જવાબદારી સ્થાપિત સરકારની જ છે. જે આ ઉદ્દેશ માટે પ્રબંધ કરે છે. અધિકાંશત : ઈસ્લામી કાર્યવાહીઓ પરિસ્થિતિઓ દ્વારા સંચાલિત હોય છે. આ પ્રકારના યુધ્ધના અર્થમાં જેહાદ પણ અમુક શરતોને આધિન છે.

વર્તમાન સમયમાં ઘણા દેશોના મુસલમાન ઈસ્લામી જેહાદના નામથી સશસ્ત્ર આંદોલન ચલાવી રહ્યા છે. જે આ શરતો ને પૂરૂં કરતું નથી. પરંતુ કોઈ આંદોલન કેવલ એ કારણે જેહાદી આંદોલન નથી થઈ શક્તું કે તેને ચલાવવાવાળાઓ એ તેનું નામ ''જેહાદ'' આપ્યું છે. જેહાદ બાબત મુસલમાનનો ના કામોના આધાર પર એક અભિપ્રાય બનાવવા કરતા આ મામલામાં ઈસ્લામી શિક્ષણ પર ધ્યાન દેવું જોઈએ તે અતિ અગત્યનું છે. મુસ્લિમોને ઈસ્લામી શિક્ષણના પ્રકાશમાં જ જોવા જોઈએ. તેના વિપરીત નહીં.


In Search of God
Maulana Wahiduddin Khan

PRINCIPLES OF
Islam

MUHAMMAD
HUMANITY
Maulana Wahiduddin Khan

The Qur'an
An Abiding Wonder

Vision

Muhammad
MAULANA WAHIDUDDIN KHAN

GOD
ARISES
Maulana Wahiduddin Khan

ISLAM
AS IT IS

Simple
WISDOM
A DAYBOOK OF
SPIRITUAL LIVING
Maulana Wahiduddin Khan

ISLAM
REDISCOVERED

Islamic
Treasury
Virtues

ISLAM
AND
PEACE
Maulana Wahiduddin Khan

ISLAM
The Voice of
Human Nature

Introducing
Islam
A Simple Introduction to Islam

THE IDEOLOGY OF
PEACE
MAULANA WAHIDUDDIN KHAN

The
TRUE
JIHAD
MAULANA
WAHIDUDDIN KHAN

A GOODWORD GIFTBOOK

# All the teachings of Islam are based on theprinciple of peace ...

It is no exaggeration to say that Islam and violence are contradictory to each other. The concept of Islamic violence is so obviously unfounded that prima facie it stands rejected. The fact that violence is not sustainable in the present world is sufficient indication that violence as a principle is quite alien to the scheme of things in Islam. Islam claims to be an eternal religion and, as such, could never afford to uphold any principle which could not stand up to the test of time. Any attempt to bracket violence with Islam amounts therefore, to casting doubt upon the very eternity of the Islamic religion. Islamic terrorism is a contradiction in terms, much like 'pacifist' terrorism. And the truth of the matter is that, all the teachings of Islam are based directly or indirectly on the principle of peace.



MAULANA WAHIDUDDIN KHAN is the founder of the CPS International, New Delhi, an organization dedicated to presenting Islam to the world as a complete ideology of peace in the modern idiom. The Maulana is tfie author of The Prophet of Peace, The Age of Peace, Islam and World Peace, and numerous other best-selling books on Islam. He has been internationally recognized for his contributions to world peace.

CPS International

www.cpsglobal.org

Goodword

www.goodwordbooks.com

CITIZEN-9825455166